ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની વડી કચેરી તેમજ જિલ્લા કચેરીઓ માટે કુલ-૧૦ ડેટા એન્ટ્રી ઓપરેટરની નવી જગ્યાઓ આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવા બાબત.
<u>નવી બાબત : વર્ષ-૨૦૨૬-૨૭</u>
રકમ - રૂ.૦.૨૪ કરોડ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GSC/e-file/17/2025/2468/J
સચિવાલય, ગાંધીનગર.
તા: ઈ સાઈન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક :DSCWG/SCD/e file/224/2025/1952 /K, તા.૧૭/૧૦/૨૦૨૫.
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક : અજાક/મકમ/૨/૨૫૭/૨૦૨૬/ક, તા.૦૯/૦૩/૨૦૨૬.

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમ(૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૭/૧૦/૨૦૨૫ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની વડી કચેરી અને તાબાની જિલ્લા કચેરીઓ માટે કુલ-૫૦ જગ્યા (૨૫ સીનીયર ક્લાર્ક અને ૨૫ મદદનીશ મેનેજર) પ્રથમ વખત આઉટસોર્સથી મેળવવા બાબતની રૂ. ૧.૩૨ કરોડની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર બાબતને નાણા વિભાગ દ્વારા અંશત: સુધારા સહ મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૯/૦૩/૨૦૨૬ના પત્રથી નાણા વિભાગ મંજૂર કરવામાં આવેલ કુલ-૧૦ ડેટા એન્ટ્રી ઓપરેટરની નવી જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબતની રૂ.૦.૨૪ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની રજૂ કરેલ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની વડી કચેરી અને તાબાની જિલ્લા કચેરીઓ માટે કુલ-૧૦ ડેટા એન્ટ્રી ઓપરેટરની નવી જગ્યાઓ ઉભી કરવાની રૂ.૦.૨૪ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો-**

૧. પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.
૨. ડેટા એન્ટ્રી ઓપરેટરને માસિક રૂ. ૧૫૦૦૦/- (અન્ય ચાર્જીસ સિવાય) લેખે મહેનતાણા ચુકવવાના રહેશે.
3. લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતનથી ઓછા ન હોય તેટલા મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.
૪. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
૫. આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
૬. આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
૭. આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
૮. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમએ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.

૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મજૂર થયેલ બજેટ જોગવાઈના મર્યાદામા આઉટસોર્સિંગથી કરાવવાના રહેશે.

૯. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની રહેશે. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમએ આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની રહેશે.

૧૦. માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમએ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની રહેશે.

૧૧. મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

૧૨. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ. આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સરકાર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

૧૩. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૫. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૬. આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ નાણા વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ ફાઈલ પર નાણા વિભાગની તા.૨૫/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી (આર્થિક બાબતો) નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
૪. અગ્ર સચિવશ્રી (સા.ન્યા) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૭. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૮. નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
૧૦. મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૧. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
૧૩. સિલેક્ટ ફાઈલ- ૨૦૨૬

Signature valid
Signed by Kaushal [illegible]ghnoda
Section Officer
Date 202[illegible]29
11:45:25 [illegible]